દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર
ગુજરાતમિત્ર ૧૬૩ વર્ષ
બુધવાર ૧૫ એપ્રિલ, ૨૦૨૬

હોર્મુઝની નાકાબંધી વૈશ્વિક અર્થતંત્રને વ્યાપક અસર કરી શકે છે

અમેરિકાના નૌકાદળ દ્વારા હોર્મુઝ ખાડીના માર્ગની નાકાબંધી સોમવારે શરૂ થઇ અને તે સાથે વિશ્લેષકોમાં એવો ભય ફેલાયો છે કે આનાથી વિશ્વભરના અર્થતંત્રને નુકસાન થશે અને ચીન જેવા દેશો સાથે અમેરિકાને સંઘર્ષ પણ સર્જાઇ શકે છે. યુનાઇટેડ સ્ટેટ્સના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની ઈરાનની આયોજિત નૌકાબંધી આંતરરાષ્ટ્રીય શિપિંગને વધુ નુકસાન પહોંચાડશે અને વૈશ્વિક અર્થવ્યવસ્થાને હચમચાવી રહેલા ઉર્જા સંકટને વધુ ગંભીર બનાવશે, તેવી વિશ્લેષકોએ ચેતવણી આપી છે. સોમવારે તેલના ભાવ પ્રતિ બેરલ $100 ને પાર કરી ગયા હતા, જ્યારે ટ્રમ્પે જાહેરાત કરી કે યુએસ નેવી હોર્મુઝની સ્ટ્રેટની નાકાબંધી કરશે અને "આંતરરાષ્ટ્રીય જળસીમામાં ઈરાનને ટોલ ચૂકવનારા દરેક જહાજને અટકાવશે. ટ્રમ્પે ટ્રુથ સોશિયલ પર જણાવ્યું હતું કે, "ઈરાનને આ ગેરકાયદેસર ખંડણીના કૃત્યમાંથી નફો મેળવવા દેવામાં આવશે નહીં." જોકે, મધ્ય પૂર્વમાં કામગીરી માટે જવાબદાર અમેરિકી સૈન્યની સેન્ટ્રલ કમાન્ડ એ એક નિવેદનમાં જણાવ્યું હતું કે, આ નાકાબંધી માત્ર ઈરાની બંદરોમાં પ્રવેશતા અને બહાર નીકળતા જહાજોને જ અસર કરશે, જે ટ્રમ્પની આખી સ્ટ્રેટ બ્લોક કરવાની ધમકીમાં થોડો ઘટાડો હોવાનું જણાય છે. ક્વિન્સી ઇન્સ્ટિટ્યૂટ ફોર રિસ્પોન્સિબલ સ્ટેટક્રાફ્ટના સહ-સ્થાપક ત્રિતા પારસીએ જણાવ્યું હતું કે, અમેરિકી નાકાબંધીની વૈશ્વિક અર્થવ્યવસ્થા પર વ્યાપક અસર પડશે. તેમણે ઉમેર્યું કે બજારમાંથી તેલ ઓછું થવાથી કિંમતો વધશે, જેનાથી ગેસના ભાવ પણ વધશે. જો આ નાકાબંધીને કારણે ઈરાન સમર્થિત હુથીઓ વળતો પ્રહાર કરે અને 'બાબ અલ-મંદેબ' સ્ટ્રેટને બંધ કરી દે, તો તેલના ભાવ 150 ડોલર પ્રતિ બેરલ સુધી પહોંચી શકે છે.

આ નાકાબંધી વોશિંગ્ટનની નીતિમાં અચાનક આવેલા પલટા સમાન છે, કારણ કે ગયા મહિને જ ટ્રમ્પ પ્રશાસને વૈશ્વિક ઉર્જા સંકટને હળવું કરવા ઈરાની તેલ નિકાસ પરના કેટલાક પ્રતિબંધો હટાવવાની જાહેરાત કરી હતી. ઈરાને 28 ફેબ્રુઆરીએ શરૂ થયેલા યુએસ-ઈઝરાયેલ યુદ્ધ બાદથી આ માર્ગ લગભગ બંધ જ રાખ્યો છે. મેરીટાઇમ ઇન્ટેલિજન્સ કંપની વિન્ડવર્ડ અનુસાર, શનિવાર સુધીમાં આશરે 3,200 જહાજો આ નાકાબંધીને કારણે અટવાયેલા હતા. એક અન્ય અર્થશાસ્ત્રી અનસ અલહાજીએ જણાવ્યું હતું કે, અમેરિકી સૈન્યની ખાતરી હોવા છતાં, વીમાના વધતા દરો અને ઈરાનના ડરથી અન્ય દેશોના જહાજો પણ આ માર્ગ ટાળશે. આથી, ઈરાની બંદરોની નાકાબંધી એ હકીકતમાં સમગ્ર હોર્મુઝ સ્ટ્રેટની નાકાબંધી જેવી જ સાબિત થશે. વિશ્લેષકોના મતે, આનાથી કેમિકલ્સ, ખાતર અને પ્લાસ્ટિકની કાચી સામગ્રીના ભાવમાં પણ વધારો થશે. સપ્લાય ચેઇન નિષ્ણાત કેમેરોન જોહ્નસને જણાવ્યું હતું કે જો આ સ્થિતિ લાંબી ચાલશે, તો વિશ્વભરમાં કાચા માલના ભાવમાં મોટો ઉછાળો આવશે. હિનરિચ ફાઉન્ડેશનના ડેબોરાહ એલ્સે ઉમેર્યું કે આનાથી કાપડ અને પેકેજિંગ મટિરિયલ મોંઘા થશે, તેમજ ખાતરની અછતને કારણે ભવિષ્યમાં ખાદ્ય ઉત્પાદન પર પણ ગંભીર અસર પડી શકે છે. ઓઇલ એન્ડ ગેસ ન્યૂઝ સાઇટ 'Rigzone' ના પ્રેસિડેન્ટ ચાડ નોરવિલે જણાવ્યું કે આ ધમકીએ આ મહત્વપૂર્ણ વ્યાપારી માર્ગ પર અનિશ્ચિતતા અને જોખમમાં વધારો કર્યો છે.

નાકાબંધીએ એક અસાધારણ મુકાબલા માટે ભૂમિકા તૈયાર કરી છે, જેનાથી વૈશ્વિક અર્થતંત્ર માટે ગંભીર જોખમો ઊભા થયા છે અને એવી આશંકા જન્મી છે કે યુદ્ધવિરામ નિષ્ફળ જઈ શકે છે અને યુદ્ધ ફરી શરૂ થઈ શકે છે. સંઘર્ષને કાયમી ધોરણે સમાપ્ત કરવાના હેતુથી ચાલી રહેલી વાટાઘાટો - જે ૨૮ ફેબ્રુઆરીએ ઈરાન પર અમેરિકા અને ઈઝરાયેલના હુમલાઓ સાથે શરૂ થઈ હતી - તે વીતેલા સપ્તાહના અંતે કોઈ સમજૂતી પર પહોંચવામાં નિષ્ફળ રહી હતી, અને વાતચીત ફરી ક્યારે શરૂ થશે તે અંગે કોઈ સમાચાર નથી. ઈરાન દ્વારા આ સમુદ્રધુનીને અસરકારક રીતે બંધ કરવાને કારણે તેલના ભાવ આસમાને પહોંચ્યા છે, જેના કારણે મધ્ય પૂર્વની બહાર પણ ગેસોલિન, ખોરાક અને અન્ય પાયાની ચીજવસ્તુઓના ભાવમાં વધારો થયો છે. શાંતિના સમયમાં ૨૦% તેલનો વેપાર આ માર્ગે થાય છે. તેહરાને કેટલાક 'મિત્ર' ગણાતા જહાજોને પસાર થવાની મંજૂરી આપી છે, પરંતુ તેના બદલામાં મોંઘી ફી વસૂલવામાં આવી રહી છે, જેના કારણે ઈરાન વૈશ્વિક અર્થતંત્રને બંધક બનાવી રહ્યું હોવાના આરોપો લાગ્યા છે. કેટલાક વિશ્લેષકોને શંકા છે કે શું અમેરિકા માત્ર તાકાતના જોરે સામાન્ય શિપિંગ પુનઃસ્થાપિત કરી શકે છે - અને એ પણ સ્પષ્ટ નથી કે નાકાબંધી કેવી રીતે કામ કરશે અથવા અમેરિકી દળો માટે તેમાં શું જોખમો હોઈ શકે છે. આમાં વળી ચીનનું પરિબળ ખૂબ મહત્વનું છે. સોમવારે અમેરિકી નૌકાદળ દ્વારા નાકાબંધી લાગુ કરવાના પગલા બાદ, મરીન ટ્રેકિંગ ડેટા અનુસાર ઓછામાં ઓછા બે તેલ અને કેમિકલ ટેન્કરોને હોર્મુઝની સામુદ્રધુનીથી પાછા ફરવાની ફરજ પડી હતી. મરીન ટ્રાફિકના ડેટા દર્શાવે છે કે, 'રિચ સ્ટેરી' નામનું એક જહાજ, જેણે પોતાનું ગંતવ્ય સ્થાન ચીન તરીકે દર્શાવ્યું હતું, તેણે નાકાબંધી અમલમાં આવ્યાની થોડી જ મિનિટોમાં પોતાનો રસ્તો બદલી નાખ્યો હતો. આ ઘટનાક્રમ પર પ્રતિક્રિયા આપતા, ચીને એક કડક સંદેશ જારી કર્યો છે જે સંકેત આપે છે કે તે આ ક્ષેત્રમાં પોતાની દરિયાઈ પ્રવૃત્તિઓ ચાલુ રાખશે અને ચેતવણી આપી છે કે 'અમારી બાબતોમાં દખલ ન કરો'. પ્રતિક્રિયા આપતા, ચીની સંરક્ષણ મંત્રી ડોંગ જુને જણાવ્યું હતું કે ચીની જહાજો આ વિસ્તારમાં કાર્યરત રહેશે અને તેમણે બાહ્ય હસ્તક્ષેપ સામે ચેતવણી આપી હતી. "અમારા જહાજો હોર્મુઝની સામુદ્રધુનીના જળવિસ્તારમાં અવરજવર કરી રહ્યા છે. ઈરાન સાથે અમારા વ્યાપારી અને ઉર્જા કરારો છે. અમે તે કરારોનું સન્માન અને પાલન કરીશું અને એવી અપેક્ષા રાખીએ છીએ કે અન્ય લોકો અમારી બાબતોમાં દખલગીરી ન કરે," તેમ તેમણે જણાવ્યું હતું. તેમણે એમ પણ કહ્યું હતું કે ઇરાન આ સામુદ્રધૂનિનું સંચાલન કરે છે અને અન્યોને તેમાં દખલ કરવાનો અધિકાર નથી. ચીન વધુ ઉગ્ર વલણ અપનાવે તો મોટો સંઘર્ષ પણ સર્જાઇ શકે છે.

ભક્તિ કરવાનો સર્વોત્તમ દિવસ

'ઈશ્વર સુધી પહોંચવાનો અને ઈશ્વરને પામવાનો એક માત્ર સહેલો રસ્તો છે 'ભક્તિ'.''ઈશ્વરને તમે સાચી આસ્થા સાથે કોઇ પણ રીતે ભજી શકો,જ્યારે મન થાય ત્યારે ભજી શકો, બસ એક જ શરત છે કે મનમાં સંપૂર્ણ શ્રધ્ધા હોવી જોઈએ.''એક સંત ભક્તિ જેવા ગહન વિષય પર સરળ રીતથી સમજાવી રહ્યા હતા. હજારોની સંખ્યામાં શ્રોતાજનો સંતશ્રીની વાત સાંભળી રહ્યાં હતાં. સંતશ્રીએ કહ્યું, ''જીવનમાં અંતરનો સાચો આનંદ અને શાંતિની અનુભૂતિ માટે ભક્તિરસમાં તરબોળ થવું જોઈએ.ભક્તિ નિયમિત કરવી જોઈએ, પણ કદાચ જો રોજ શક્ય ન બને તો જ્યારે સમય મળે ભાવપૂર્વક ભક્તિરસમાં ડૂબી જવું જોઈએ.'' આગળ

સંતશ્રીએ ભક્તિ કરવાની રીત, ભક્તિના વિધ વિધ પ્રકાર,નવધા ભક્તિ વગેરે ઘણી બાબતો પર સમજ આપી અને બને એટલું સરળ રીતે ભક્તિના મહત્ત્વને સમજાવ્યું. પ્રવચન પૂરું થતાં એક વ્યક્તિએ ઊભા થઈને સંતશ્રીને પૂછ્યું, ''બાપજી, આપે ભક્તિનું મહત્ત્વ સમજાવ્યું, કોઇ પણ રીતે અને જ્યારે કરવી હોય ત્યારે ભક્તિ કરી શકાય તેમ કહ્યું પરંતુ મારે જાણવું છે કે ભક્તિ કરવા માટે સૌથી સારો,મહત્ત્વનો દિવસ ક્યો? અને ક્યા દિવસે ભક્તિ કરવાથી સર્વોત્તમ ફળ મળે?'' સંતશ્રીએ સ્મિતસહ જવાબ આપ્યો કે ભક્તિ કરવાનો સર્વોત્તમ દિવસ છે તમારા મૃત્યુના દિવસથી એક આગળનો દિવસ. જે દિવસે મૃત્યુ હોય તેના આગલા દિવસે ભક્તિ કરવી જરૂરી અને સર્વોત્તમ છે.'' સંતનો આવો વિચિત્ર જવાબ સાંભળી પ્રશ્ન પૂછનાર વ્યક્તિ અને બીજાં બધાં નવાઈ પામ્યાં. પ્રશ્ન પૂછનાર વ્યક્તિએ ધીમેથી પૂછ્યું, ''પરંતુ ..બાપજી, આપણું મૃત્યુ ક્યારે થવાનું છે તેની ક્યાં આપણને ખબર હોય છે.મૃત્યુનો ક્યાં કોઈ નિશ્ચિત સમય હોય છે? તો ક્યારે અને ક્યા દિવસે ભક્તિ કરવી?'' સંતે હસીને જવાબ આપ્યો, ''ભાઈ ઈશારો સમજ, જિંદગીના દરેક દિવસને આખરી સમજ, કાલે જ મૃત્યુ છે અને માત્ર આજનો દિવસ જ છે ઈશ્વર ભક્તિ કરવા માટે તેમ સમજીને પ્રભુભક્તિ કરવાની શરૂ કરી દે. રોજ જ ભક્તિ કરવી જરૂરી છે. તું એમ જ સમજ કે આજે તારો છેલ્લો દિવસ છે અને ભક્તિ કર.ભક્તિ કરવા સર્વોત્તમ દિવસ શોધવા જવાની જરૂર નથી. માત્ર શ્રધ્ધા સાથે ભક્તિ કરવાની જરૂર છે.ભક્તિરસમાં ડૂબી જવું જ સર્વોત્તમ છે.દરેક દિવસને આખરી ગણીને પ્રભુનામ લો.''સંતે સચોટ જવાબ આપ્યો.

ચાર્જિંગ પોઈન્ટ
હેતા ભૂષણ

તમિલનાડુ વિધાનસભા ચૂંટણી ૨૦૨૬: ચાર મોરચા, ચાર નેતાઓ વચ્ચેનો જંગ કોણ જીતશે?

ફિંગર પ્રિન્ટ
શેખર ઐયર

દ્રવિડિયન વિચારધારા વિરુદ્ધ તમિલ રાષ્ટ્રવાદ: કોણ મારશે બાજી? સ્ટાલિન, પલાનીસ્વામી, સીમન કે વિજય? તમિલનાડુના ભવિષ્યનો ફેંસલો હવે યુવા મતદારોના હાથમાં

2026ની તમિલનાડુ વિધાનસભા ચૂંટણી ચાર રાજકીય મોરચા અને ચાર નેતાઓ વચ્ચેનો જંગ છે: જેમાંથી ત્રણ તેમના વિદ્યાર્થીકાળથી રાજકારણમાં સક્રિય છે, જ્યારે એકે તાજેતરમાં જ મેદાનમાં પ્રવેશ કર્યો છે. જો કે, તે બધા ચૂંટણી પછી રાજ્યનું નેતૃત્વ કરવાની આકાંક્ષા રાખે છે, પરંતુ તેનો નિર્ણય મતદારો, ખાસ કરીને યુવાનોએ કરવાનો છે.

વર્તમાન મુખ્યમંત્રી એમ.કે. સ્ટાલિનના નેતૃત્વ હેઠળનું ડીએમકે ગઠબંધન શાસન અને કલ્યાણકારી યોજનાઓના આધારે સાતત્ય જાળવવા માંગે છે. એડપ્પડી કે. પલાનીસ્વામીના નેતૃત્વમાં એઆઈએડીએમકે સંચાલિત એનડીએ પુનરાગમનનો પ્રયાસ કરી રહ્યું છે, જે પોતાને એક સ્થિર વિકલ્પ તરીકે રજૂ કરે છે. સીમનના નેતૃત્વમાં નામ તમિલર કાચ્છી (એનટીકે), દ્રવિડિયન મુખ્ય પ્રવાહની બહાર રહીને તમિલ રાષ્ટ્રવાદ પર કેન્દ્રિત સ્પષ્ટ વૈચારિક રાજકારણને આગળ ધપાવી રહી છે. અભિનેતામાંથી રાજનેતા બનેલા વિજયની આગેવાની હેઠળની તમિલગા વેત્રી કઝગમ (ટીવીકે), એક નવી ઊભરતી શક્તિ છે, જે જન-અપીલ, સત્તાવિરોધી લહેર અને પેઢીગત પરિવર્તન પર નિર્ભર છે.

આ ચાર મોરચાએ સાથે મળીને આ ચૂંટણીને તમિલનાડુના તાજેતરના ઇતિહાસના સૌથી રોમાંચક અને અનિશ્ચિત જંગમાં ફેરવી દીધી છે. સ્ટાલિન અને પૂર્વ મુખ્યમંત્રી પલાનીસ્વામી માટે લક્ષ્ય સ્પષ્ટ છે: સત્તામાં વાપસી. સીમન એક દિવસ તમિલનાડુ પર શાસન કરવાની મહત્ત્વાકાંક્ષા સાથે પોતાનો લાંબો રાજકીય સંઘર્ષ ચાલુ રાખી રહ્યા છે. બીજી તરફ, માત્ર બે વર્ષ પહેલાં પોતાની પાર્ટી શરૂ કરનાર અભિનેતા વિજય, ખૂબ જ ટૂંકા સમયમાં મુખ્યમંત્રી બનવાની આકાંક્ષાથી પ્રેરાયેલા છે. આ વિરોધાભાસી મહત્ત્વાકાંક્ષાઓએ તમિલનાડુના ચૂંટણી મેદાનને ખૂબ જ તીખો અને ગતિશીલ અખાડો બનાવી દીધો છે.

જો કે, આ ચારેય મોરચા એક સમાન રાજકીય વિચારધારા ધરાવતા હોય તેવું લાગે છે, પરંતુ વાસ્તવમાં તેઓ અલગ અલગ રીતે કાર્ય કરે છે. ડીએમકેના નેતૃત્વ હેઠળનું 'ઇન્ડિયા' ગઠબંધન ખુદને એક બિનસાંપ્રદાયિક, પ્રગતિશીલ મોરચા તરીકે રજૂ કરે છે. તે કહે છે કે, તેનું લક્ષ્ય તમિલનાડુમાં દ્રવિડિયન સિદ્ધાંતો પર આધારિત સામાજિક ન્યાયલક્ષી સરકાર બનાવવાનું છે. જો કે, તેની પાસે મજબૂત પરંપરાગત મતદારો અને સંગઠનાત્મક સમર્થન છે, પણ તે યુવા પેઢીથી કંઈક અંશે દૂર હોય તેવું જણાય છે. સ્ટાલિન ચૂંટણીની પૂર્વ સંધ્યાએ જાહેર કરેલી કલ્યાણકારી યોજનાઓ અને મતદારોને રીઝવવા માટે ડીએમકેના 'વૈજ્ઞાનિક ફોર્મ્યુલા' પર ભરોસો રાખી રહ્યા છે. જેથી તેઓ પાર્ટીને જીત અપાવી શકે.

એઆઈએડીએમકે પણ આવી જ પરિસ્થિતિનો સામનો કરી રહી છે, પરંતુ તેમાં જટિલતા વધુ છે. ડીએમકે કરતાં પણ વધુ, તેણે ભાજપ સાથેના તેના ગઠબંધનને સતત યોગ્ય ઠેરવવાની જરૂરિયાતનો બોજ સહન કરવો પડે છે. સી.એન. અન્નાદુરાઈ અને પેરિયારના આદર્શોને અનુસરવાનો દાવો કરતી આ પાર્ટી પોતાને દ્રવિડિયન શક્તિ તરીકે રજૂ કરવાનું ચાલુ રાખે છે. પૂર્વ મુખ્યમંત્રી જે. જયલલિતાના નિધન બાદ પક્ષમાં પડેલા ભાગલા અને મતભેદોને કારણે એઆઈએડીએમકે ભારે દબાણ હેઠળ છે. વધુમાં, ભાજપ સાથેનું તેનું ગઠબંધન, જે મૂળભૂત રીતે મુખ્ય દ્રવિડિયન વિચારધારાનો વિરોધ કરે છે, તે એક વિરોધાભાસ ઊભો કરે છે. એક તરફ, આ લઘુમતી મતદારોમાં તેની લોકપ્રિયતાને કમજોર કરે છે; તો બીજી તરફ, તે તેના પોતાના નેતૃત્વ અને વૈચારિક સ્પષ્ટતા પર સવાલો ઊભા કરે છે.

સીમન, જેમણે સતત દલીલ કરી છે કે, તમિલનાડુમાંથી દ્રવિડિયન રાજકારણને સંપૂર્ણપણે દૂર કરવું જોઈએ. તેઓ પોતાને તમિલ રાષ્ટ્રવાદના અવાજ તરીકે સ્થાપિત કરે છે. તેઓ તમિલ સ્વશાસન સ્થાપિત કરવાની, તમિલ ભૂમિ પર તમિલોનો વિકાસ સુનિશ્ચિત કરવાની અને સ્વદેશી સમુદાયોની પ્રથાઓને પુનર્જીવિત કરવાની વાત કરે છે. જો કે, તેમણે યુવાનોમાં થોડી લોકપ્રિયતા મેળવી છે, પરંતુ તેઓ તે સમર્થનને ચૂંટણી સફળતામાં બદલવામાં મુશ્કેલી અનુભવી રહ્યા છે. તેમનાં ભાષણોમાં મજબૂત ભાવનાત્મક અપીલ હોય છે, પરંતુ તેમના દાવાઓની વિશ્વસનીયતા અને શક્યતા પર ઘણી વાર પ્રશ્નો ઉઠાવવામાં આવે છે.

ટીવીકે (ટીવીકે)ના સ્થાપક અભિનેતા વિજયે જણાવ્યું છે કે, તમિલ રાષ્ટ્રવાદ અને દ્રવિડિયન વિચારધારા 'તેમની બે આંખો' સમાન છે. જો કે, તેમનાં પોતાનાં સમર્થકોમાં પણ તેમની રાજકીય વિચારધારા અંગે સ્પષ્ટતાનો અભાવ છે. તેમના ફેન ક્લબ્સને જિલ્લા સ્તરના પક્ષના માળખામાં પુનઃગઠિત કરવામાં આવ્યા છે, જેમાં તેમના કાર્યકરો હવે પક્ષના હોદ્દા ધરાવે છે.

છતાં, વ્યાપક છાપ એવી છે કે તેઓ હજી સુધી સંપૂર્ણ રીતે વિચારધારાથી પ્રેરિત રાજકીય કેડરમાં વિકસ્યા નથી. આમ છતાં, વિજયે જાહેરાત કરી છે કે, તેઓ તમિલનાડુના ભવિષ્યને નવો આકાર આપવાનું લક્ષ્ય રાખે છે અને 2026ની વિધાનસભા ચૂંટણી તરફની તેમની યાત્રા શરૂ કરી દીધી છે. જ્યારે તેમનાં લાખો ચાહકોએ, ખાસ કરીને યુવાનોએ સમર્થન વ્યક્ત કર્યું છે, ત્યારે એક સતત પ્રશ્ન રહે છે: શું આ ફેન બેઝ વાસ્તવિક મતોમાં પરિવર્તિત થશે?.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

વિજ્ઞાન કહે છે તે ધર્મ છે. પુસ્તકોમાં લખ્યું છે તેમ નહીં

અવારનવાર
ડો.નાનક ભટ્ટ

બ્રહ્માંડનું પ્રદર્શન કરનાર એસ્ટ્રોનોમર વૈજ્ઞાનિક છે. આથી શું બચશે, તેવો સવાલ પણ તરતો મૂકે છે. કબીર સાહેબે માટીનું વાસણ તૂટી જતાં ફરી માટી, તેમ દરિયાનો પરપોટો ફૂટી જતાં ફરી દરિયા સ્વરૂપની શાશ્વતતા દોહરાવવા મૂકી છે

ઉમણાં સાયન્સ ફિકશન દર્શાવતી એક શોર્ટ ફિલ્મ વાયરલ થઈ છે. પ્રારંભે સેટલાઈટથી સમગ્ર પૃથ્વી દેખાડવામાં આવે છે અને ક્રમશઃ કેમેરો ટેલી ફોક્સ થતાં થતાં અમેરિકાના ન્યૂયોર્ક શહેર ઉપર સ્થિર થાય છે. ન્યૂયોર્ક શહેરના રસ્તાઓ ઉપર વાહનોની ભીડ-ભાડનું દૃશ્ય હતું. કોઈ વાહનનો અકસ્માત થાય તો લાલ લાઈટથી દર્શાવવામાં આવતું. પૂરા એક અઠવાડિયા સુધીનાં દ્રશ્યો દોઢ મિનિટમાં સંકલિત કરી દર્શાવવામાં આવતાં. ટી.વી.ના સ્ક્રીન ઉપર વાહનોની વણઝારનાં જાળાં વચ્ચે લાલ-લાલ ટપકાંઓ ફૂટતાં હોય તેવું દર્શાવવામાં આવ્યું.

વાહનોની આવનજાવન અને અકસ્માતોથી રંગાતા ન્યુયોર્ક સીટીનું દૃશ્ય પછીથી આકાશગંગામાં પરિભ્રમણ કરતા તારા, ગ્રહો અને ઉલ્કાઓના બ્રહ્માંડમાં પરિવર્તિત થાય છે અને જ્યારે ઉલ્કાઓ પરસ્પર અથડાય છે ત્યારે પણ પ્રકાશપુંજ પથરાતો દેખાય છે. વર્ષ ૨૦૨૫ના ૩૬૫ દિવસના બ્રહ્માંડનું દર્શન ૭ મિનિટમાં સંકલિત કરી દર્શાવવામાં આવતાં જાણે બ્રહ્માંડમાં પણ ન્યૂયોર્ક સિટીનાં વાહનોની દોડધામ અને અકસ્માતો પ્રકારનાં દૃશ્યો લગભગ એક સમાન રીતે જોવા મળે છે.

આ રીતે હકીક્તોનો આધાર લઈ ત્રીજા દૃશ્યમાં ફિલ્મકાર પૃથ્વીના ગ્રહ તરફ આવી રહેલ અને સંભવતઃ ડિસેમ્બર ૨૦૨૭માં પૃથ્વી સાથે અથડાવાની શક્યતા ધરાવતાં ઉલ્કાના આગમની કાલ્પનિક સ્થિતિ એનિમેશન દૃશ્યરૂપે બતાવી કહે છે કે રોડ અકસ્માત જેટલી જ સહજ સ્વરૂપની આ અવકાશી ઘટના પૃથ્વીવાસીઓ ઉપર બનશે ત્યારે શું થશે!

ફિલ્મકારે એક સાયન્સ ફિક્શન તરીકે વિષયવસ્તુને પસંદ કર્યું હોઈ સુપર કોમ્પ્યૂટર અને અવકાશ વિજ્ઞાનીઓની મદદથી આવી રહેલ ઉલ્કાનાં 56, પ્રવેગ અને ગુરુત્વાકર્ષણબળની ગણતરી કરી ચોથા દૃશ્યમાં દેખાડે છે કે પૃથ્વીના ચુંબકીય વાતાવરણમાં ઉલ્કાનો પ્રવેશ થતાં પ્રથમ ૬૦ કલાક દરમિયાન પૃથ્વી ઉપર ચક્રવાત પવન સાથે દરિયાઈ તોફાન ઉદ્ભવે છે. જ્વાળામુખી સક્રિય થતાં ધરતીકંપના આંચકાઓ શરૂ થવા લાગે છે. પૃથ્વી તરફ આગળ વધતી ઉલ્કા પૃથ્વીના વાતાવરણમાં પ્રવેશે તે પછી ૩૨ મિનિટમાં આકાશ સૂર્ય જેટલા ઉજાસથી ભરાઈ જાય છે અને વાતાવરણમાં ૧૮ થી ૨૨ ડિગ્રી તાપમાનનો વધારો થઈ જાય છે.

૫૦ દિવસના અંતરાલ પછી સેટલાઈટ કેમેરા ફરી સક્રિય થતાં ફિલ્મકાર પૃથ્વી દર્શાવે છે. પણ ઠેર-ઠેર માત્ર ઈંટ, પથ્થરના ઢગલા દેખાય છે. દરિયાનાં ગરમ પાણીથી મૃત્યુ પામેલ જળચરનાં કાંઠે આવેલ GL દર્શાવાય છે. ઉષ્ણતામાનના ફેરફારથી ફુંકાએલ દરીકેને જંગલોને ઉજ્જડ કર્યાના અને દગ્ધ પ્રાણીઓની લાશો દેખાડવામાં આવે છે.

ફિલ્મના અંતિમ દૃશ્યમાં ફિલ્મકાર પૃથ્વી સાથે અથડાયેલ ઉલ્કા પછીના વરસાદના લીધે જમીનમાં પડી રહેલ બીજને પુનઃઅંકુરિત થતાં શીળા પવનમાં લહેરાતા અને આકાશી ભૂરા રંગનાં શાંત દરિયાની સપાટી ઉપર વહેતી જેલી ફિશ દર્શાવી એક પથ્થર ઉપર ચોંટીને બેઠેલા તમરાના પડઘાતા અવાજ સાથે ફિલ્મ પૂરી કરે છે. પૃથ્વી ઉપર બ્રહ્માંડની કોઈ ઉલ્કા અથડાય, પૃથ્વી ઉપરના અનુપમ સૌંદર્ય 'સુજલાં..સુલાં. મલયજ શીતલામ્... 'કાવ્યમાં જીવસૃષ્ટિ અને પ્રકૃતિની જે એકરૂપતા દર્શાવી છે તૂટી જશે. જીવાશ્મીના અભ્યાસો કહે છે તેમ પૃથ્વીનાં ૪ અબજ વર્ષના આયુષ્યમાં થયેલ ૫ સંપૂર્ણ વિનાશ પછી ફરી છઠ્ઠો વિનાશ હશે. પરંતુ ફરી નવ નિર્માણ પ્રારંભાશે, પરંતુ મૂવા(મરેલા)ની સંગાથે કોઈ જાતું નથી રે' તેમ ભજનિકો જ્યારે ગાય છે ત્યારે એ તો દીવા જેવી સ્પષ્ટ વાત છે કે પૃથ્વીના નાશ પછી માણસની પદવી, મિલકત, સંબંધ, સંપ્રદાય, જાતિ જેવી જે કંઈ બાબતો જે વ્યક્તિના નામ આસપાસ ગોઠવાય છે તે સઘળી અર્થહીન બની જશે. આ યાદી સ્મશાનવત્ શાંતિ અને ભય પમાડનારી છે.

બ્રહ્માંડનું પ્રદર્શન કરનાર એસ્ટ્રોનોમર વૈજ્ઞાનિક છે. આથી શું બચશે, તેવો સવાલ પણ તરતો મૂકે છે. કબીર સાહેબે માટીનું વાસણ તૂટી જતાં ફરી માટી, તેમ દરિયાનો પરપોટો ફૂટી જતાં ફરી દરિયા સ્વરૂપની શાશ્વતતા દોહરાવવા મૂકી છે. ઉપનિષદમાં તપસ્વીઓએ ઊડતી હિમશિલાની વાત કરી દ્રવ્યનું ઊર્જામાં રૂપાંતર થાય છે તેમ જણાવે છે. ગીતાકાર કૃષ્ણે તો માનવશરીરને ઊર્જા સ્વરૂપે જાણી સૂક્ષ્મ અને કારણરૂપ શરીરને પણ સ્પષ્ટ કરી આરુણિ પોતાના પુત્ર શ્વેતકેતુને કહે છે, 'તત્ત્વમસિ -તે' આત્મા જે પૂર્ણ છે તે તું છો.' સંસારની ઉપાધિઓ-વ્યવહારોમાં મણિમાળાના મણકા જેવા રંગેરંગ અને આકારમાં અલગ ભાસે છે પણ એક જ સૂત્રથી. એક અધિષ્ઠાનથી પરોવાયેલ છે. વેદ તેને "પૂર્ણમદઃ પૂર્ણમિદં પૂર્ણાત્ બતાવ્યું છે. વેદાંત 'નેતિ નેતિ' કહે છે. અર્થાત્ શરીર નથી, પ્રાણ નથી, મન, બુદ્ધિ કે અહંકાર નથી, આત્મા તો આ સર્વના ચાલક કે પ્રેરક ચૈતન્ય સ્વરૂપ છે. ચૈતન્ય સૂક્ષ્મતમ છે, સર્વવ્યાપી છે. પૃથ્વીના પરિઘથી પરે છે. તે ફિલ્મકારનો તાર્કિક સંદેશ કથાનક બની સ્પષ્ટ થાય છે.

પૌરાણિક કથા અનુસાર ઉદ્દાલક પૂર્ણમુદચ્યતે, પૂર્ણસ્ય પૂર્ણમાદાય પૂર્ણમેવાવશિષ્યતે." કહીને ઊર્જાના સાર્વત્રિક વ્યાપને જ માન્ય રાખે છે. ઉપનિષદ કહે છે સર્વનાશ થાય, પૃથ્વી ઉપરની જીવસૃષ્ટિનો અંત આવી જાય તે પછી પણ આત્માર્થી બચે છે. બુદ્ધ, ચૈતન્ય મહાપ્રભુ, રામકૃષ્ણ પરમહંસ, રમણ મહર્ષિ જેવી વિરલ વ્યક્તિઓ સદેહે શરીર અને સંસારના નાશવંત સ્વરૂપથી ઉપર ઊઠી આત્મતત્ત્વની સનાતન સ્થિતિને દર્શાવી છે. વિજ્ઞાન જણાવે છે કે મહાવિનાશ પછી જે બચશે તે કેવળ ઊર્જા હશે. ગીતાકાર શ્રીકૃષ્ણે કહ્યું છે: 'બ્રહ્મૈવ તેન ગન્તવ્યં બ્રહ્મકર્મ સમાધિના (અ.૪, શ્લોક-૨૪) બ્રહ્મકર્મમાં સ્થિર રહેનાર યોગીઓને મળનાર ફળ પણ બ્રહ્મ જ છે.

ઈશ્વરને ઊર્જા સ્વરૂપે સમજવાના સંસ્કાર કેવળ સનાતન સંસ્કૃતિમાંથી મળે છે. પરંતુ જગતના ધર્મો અને સંપ્રદાયોએ અનુકૂલન અર્થે વ્યાખ્યાયિત કરાયેલ સત્ય અને પૃથ્વીના નાશ પછી પણ છેવટે બચનાર સ્વર્ગ, હેવન કે જન્નતની ચિત્રાવલી સામક છે. ત્યારે સાધકોએ ચિંતન કરતાં રહી જવાબ શોધવો જ રહ્યો કે આખરે શું બચશે? મુમુક્ષુ તરીકે પ્રયત્ન કરતા રહીએ અને જે અંતે બચવાનું છે તેને જ પાસે રાખી બાકીનું અત્યારથી છોડતા જઈએ.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

ફ્લેટવાસીઓની સમસ્યા

એક ક્લબ સંકુલ નજીક બનેલા ૨૪ માળના બહુમાળી એપાર્ટમેન્ટમાં ૧૮ - ૧૯ મા માળે બાલ્કનીમાં કપડાં સુકાતાં હતાં. તેનો ક્લબમાંથી ફોટો લેવાયો અને કેન્દ્રીય મંત્રી દિલ્હી સુધી પહોંચ્યો. ભારતમાં અસભ્ય લોકો વસે છે, એવું ગુજરાતથી દિલ્હી આવ-જા કરનારાને પણ લાગ્યું. બિલ્ડર પર ફોન ગયો. બિલ્ડરે ફલેટવાસીને કપડાં બાલ્કનીમાં ન સુકવવા વિનંતી કરી. ફલેટવાસીઓએ કહ્યું ક્યાં સુકવીએ? બિલ્ડરે કહ્યું અત્યારે તો ઉપરથી ફોન છે મારા તમામ ફલેટો વેચાઈ જાય પછી જે કરવું હોય તે કરજો. નહિતર આ લોકો બી યુ (વસવાટની પરવાનગી) રદ કરાવશે. મારી ઈજ્જત રાખો. વાત સાંભળી વિચાર આવ્યો કે, ક્લબ સંકુલમાં દુરબીનો લઈને લોકો આવે છે. જેઓ સીધું જોઈને ચાલે તે પણ મોબાઈલમાં ઘણાં પીકચરો લઈ દિલ્હી મોકલી શકે જો વસ્ત્રો મર્યાદાભંગ કરતા હોય તો. ભારતમાં કેવા કેવા પ્રશ્નો છે? એક તરફ હિજાબ સામે આંદોલન ઊભું કરાય છે તો બીજી તરફ ઊંચા બિલ્ડીંગોમાં બાલ્કનીમાં કપડાં સુકાય તો અભદ્ર લાગે છે. પરંતુ સામે જ શું ચાલી રહ્યું છે, તે જોઈ શકાતું નથી. કોઈના મકાનની બારીની સામે તાકવું એ પણ ભદ્રતા નથી, પરંતુ આવો જ ઉત્સાહ ક્લબવાસીઓ ક